લોટરી વિગેરે સ્કિમો માટે રેમીટન્સ
એ પી (ડી આઈ આર શ્રેણી) પરિપત્ર નં..2 (જુલાઈ 27, 2001)

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા
વિદેશી મુદ્રા નિયંત્રણ વિભાગ
કેન્દ્રીય કાર્યાલય
મુંબઈ 400 001

એ પી (ડી આઈ આર શ્રેણી) પરિપત્ર No.2

27 જુલાઇ, 2001

પ્રતિ,

તમામ ફોરેન એકસચેન્જના ડિલરો,

સાહેબશ્રી,

<u>લોટરી વિગેરે સ્કિમો અંતર્ગત રેમીટન્સ</u>

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ધ્યાનમાં આવેલ છે કે કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ / કંપનીઓ ભારતનાં નાગરિકોને જણાવે છે કે તેઓ કોઇ મોટી લોટરીના વિજેતા થયા છે તથા તે નાણા મેળવવા માટેની ફી પેટે તેઓએ અમુક રકમ યુએસ. ડોલર્સમાં ચુકવવાની છે.

2. અમો આધિકારીક ડિલર્સનું ધ્યાન તા. 3 મે, 2000 ના ભારત સરકારના પરિપત્ર જી એસ આર 381(ઇ) ના સિડયુલ I આઇટેમ 3 તરફ દોરવા માંગીએ છીએ. આ પરિપત્ર દ્વારા લોટરી ટિકીટની ખરીદી માટેનું રેમીટેન્સ પ્રતિબંધીત છે. આથી આધિકારીક ડિલરોને જાણાવવામા આવે છે કે તેઓ યોગ્ય રીતે જાહેર જનતાને જણાવે કે લોટરી સ્કિમો માટે રેમીટન્સ કરવું ફેમા, 1999 ના કાયદા હેઠળ ગેરકાયદેસર છે. વધુમાં સરકયુલેશન વિગેરે નામો હેઠળ થતી વિવિધ લોટરી જેવી સ્કિમોને તથા ઇનામ મા મળેલ નાણા મેળવવા માટે / એવોર્ડસ મેળવવા માટેની સ્કિમો માટે પણ લાગુ પડે છે.

3. આ સુચનાઓ ફેમા, 1999 (42 of 1999). ના સેકસન 10(4) તથા સેકસન 11(1) પ્રમાણે જાહેર કરવામા આવી છે. આ સુચનોનું ઉલ્લંઘન કરનારને કાયદાની જોગવાઇ પ્રમાણે દોષિત ગણવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

કે. જે. ઉદેશી
મુખ્ય મહા પ્રબંધક